# હિંમતનગરમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીનો સપાટો

## તમામ શાળાઓને નક્કી કરેલ ફીનું ધોરણ નોટીસ બોર્ડ ઉપર મૂકવું પડશે

હિંમતનગર, તા.૧૪

રાજય સરકાર દ્વારા ખાનગી અને ગ્રાન્ટેડ શાળાઓના સંચાલકો વિદ્યાર્થીઓ પાસેથી આડેધડ ફી વસુલતા હોવાની અને અનેક ફરિયાદોનો નીવેડો લાવવા કાયદો લવાયો હતો જેથી નારાજ થયેલ કેટલાક સંચાલકોએ હાઈકોર્ટમાં રીટ કરી હતી પરંતુ વિદ્યાર્થીઓના હિતમાં સરકારે બનાવેલા ફી નિર્ધારણના કાયદાને યોગ્ય ઠેરવતા વિદ્યાર્થી આલમમાં આનંદની લાગણી પ્રસરી છે. ત્યારે આ કાયદાનો કડક અમલ થાય તે માટે શુક્રવારે સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ અંદાજે ૩૦૦ શાળાઓની મુલાકાત લીધી હતી.

આ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના જણાવ્યા મુજબ ફી નિર્ધારણના કાયદાને હાઈકોર્ટે માન્ય ઠેરવ્યો છે. ત્યારે સાબરકાંટા જિલ્લામાં આવેલી ૨૨૬ નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને ૭૫ નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર શાળાઓના સંચાલકો આ કાયદાનું પાલન કરે તે માટે તાકીદ કરવામાં આવી હતી. જો કે એક જ દિવસે શાળાઓની મુલાકાત લેવા માટે ખાસ ટીમ બનાવાઈ હતી.

તપાસ દરમિયાન તમામ ખાનગી શાળાઓને નોટીસ બોર્ડ ઉપર એફ.આર.સી દ્વારા નક્કી કરેલ ફીનું ધોરણ જાહેર કરવા સૂચના આપવામાં આવી છે જો કે કોઈ પણ શાળાની અનિયમિતતા જણાશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વિદ્યાર્થીઓ અને વાલીઓએ પણ ફી નિર્ધારણ કમિટી દ્વારા નક્કી કરેલ ફી ભરવાનો આગ્રહ રાખવો જોઈએ.

# મહેસાણાની આઠ શાળાઓ પણ તગડી ફી વસુલતા હતા

ખાનગી શાળાઓમાં ફી નિયમન મુદ્દે રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરાયેલ ફી નિયમન કાયદાને પડકારતી શાળા સંચાલકોની અરજીને હાઈકોર્ટે ફગાવી દીધી છે. જેમાં મહેસાણાની ૮ શાળાઓ પણ તગડી ફી વસુલ કરતા હતા તેવું માલુમ પડ્યું છે. જેને લીધે શાળા સંચાલકોમાં દુઃખ તો છે પરંતુ વાલી વર્ગમાં ખુશીની લ્હેર પણ જોવા મળી રહી છે.

શાળા સંચાલકો દ્વારા ફી નિયમન કાયદાને તેમની સત્તા પર તરાપ સમાન ગણાવાયો હતો. જેને પગલે સમગ્ર ગુજરાતમાંથી શાળા સંચાલકો હાઈકોર્ટના દ્વારા ખખડાવ્યા હતા અને આ અંગે અરજી દાખલ કરી હતી. જે સંદર્ભે હાઈકોર્ટે ચુકાદો જાહેર કરતા શાળા સંચાલકોની અરજીને ફગાવી દેવામાં આવી છે. હાઈકોર્ટમાં પોતાના ચુકાદામાં જણાવ્યુ હતું કે સરકાર દ્વારા રચવામાં આવેલ ફી અધિનિયમ સમિતિ બંધારણ મુજબ યોગ્ય છે. સરકારે જાહેર કરેલ વટહુકમ પણ યોગ્ય છે. આ રીતે કોઈના પણ અધિકારોનો ભંગ થતો નથી. સાથે જ હાઈકોર્ટે આગામી શૈક્ષણિક વર્ષથી આ કાયદાનો ચુસ્તપણે અમલ કરવાની તાકીદ પણ કરી છે. જ્યારે આ અંગે મહેસાણા જિલ્લાની આઠ શાળાઓ નિયમ કરતા વધુ ફી વસુલ કરે છે તેવી મહિતી મળી રહી છે જેમાં (૧) આનંદ નિકેતન ફતેપુરા પાસેની છે જે ૪૦૦૦૦ની આસપાસ વાર્ષિક ફી વાલી પાસેથી લેતા હતા. (૨) એન.જી. ઈન્ટરનેશનલ સ્કૂલ ૪૦૦૦૦ ની આસપાસ હતી. (૩) એચ. બી. કાપડિયા સ્કૂલ ૮૦૦૦૦ (૪) દિલ્હી પબ્લિક સ્કૂલ ૬૦૦૦૦ની આસપાસ (૫) તપોવન ઈન્ટરનેશનલ સ્કૂલ ૮૦૦૦૦ (૬) દિવાઈન ચાઈલ્ડ સ્કૂલ વૉટરપાર્ક ૧ લાખની આસપાસ (૭) પોદર ઈન્ટરનેશનલ સ્કૂલ ૭૦૦૦૦ ફી વસુલાત મહેસાણામાં કરતા હોવાનું બહાર આવ્યું છે જેમાં સી.બી.એસ.સી. શાળાનો જ ખાસ સમાવેશ થાય છે. તેમ જી. ડી. પટેલ જીલ્લા શિક્ષણ અધિકારીએ જણાવ્યું હતું.

# હિંમતનગરના છાત્રાલયની ૧૧ રૂમોનો કબ્જો કેળવણી મંડળને સોંપવા કોર્ટનો આદેશ

હિંમતનગરના પાંચ બત્તી વિસ્તારમાં આવેલ કેળવણી મંડળ સંચાલિત છાત્રાલયની ૧૧ રૂમો વર્ષોથી શિક્ષણાધિકારી કચેરી દ્વારા ઉપયોગ કરાઈ રહ્યો હોવાને કારણે તેને પરત મેળવવા માટે તત્કાલીન સમયે કેળવણી મંડળ દ્વારા કોર્ટના દ્વાર ખખડાવવામાં આવ્યા હતા જેનો ચુકાદો તાજેતરમાં આવતા ન્યાયાધીશે એક માસની અંદર આ ૧૧ રૂમો કેળવણી મંડળને સોંપવા આદેશ કર્યો છે. આ અંગે એડવોકેટ અને કેળવણી મંડળના હોદ્દેદાર ગીરીશભાઈ ભાવસારના જણાવ્યા મુજબ હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત હિંમત છાત્રાલયની ૧૧ રૂમો બે દાયકાથી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી હસ્તક હોવાને કારણે વિદ્યાર્થીઓને તેનો લાભ મળતો નથી. જે અંગે શિક્ષણાધિકારી કચેરીએ કાયદેસરની કાર્યવાહીની અવગણના કરી હોવાનો આક્ષેપ કરાયો છે જો કે કેળવણી મંડળ દ્વારા કોર્ટમાં દાવો પણ દાખલ કરવામાં આવ્યો હતો. હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત છાત્રાલયની ૧૭ રૂમો પૈકી ૧૧ રૂમ ૧૯૯૪ના રોજ શિક્ષણ નિયામકની કચેરી દ્વારા કેળવણી મંડળને નોટીસ આપી હતી. જેનો જવાબ કેળવણી મંડળે આપ્યો હોવા છતાં તે વિનંતી ધ્યાને લેવામાં આવી ન હતી.

કેળવણી મંડળ દ્વારા આ મામલે વર્ષ ૨૦૦૬માં પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજની કોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો. દરમિયાન શિક્ષણાધિકારી કચેરી રસ્તકની ૧૧ રૂમોમાં ભાડુ કેળવણી મંડળ ભોગવતું હોવા છતાં ઉપયોગ કરી શકાતું નથી. એટલું જ નહીં પણ અત્યારે શિક્ષણાધિકારીની કચેરી અન્ય સ્થળે ખસેડી લેવાઈ હોવા છતાં છાત્રાલયની આ ૧૧ રૂમોનો ઉપયોગ રેકર્ડ સાચવવા માટે કરાઈ રહ્યો છે બીજી તરફ આ દાવાની સુનવણી થતા ન્યાયાધીશે એક માસની અંદર ૧૧ રૂમોનો ઉપયોગ રેકર્ડ સાચવવા માટે કરાઈ રહ્યો છે.

# વાત્રક જળાશયમાં માછીમારી મુદ્દે બાયડના ધારાસભ્ય દ્વારા આવેદનપત્ર અપાયું

બાયડ, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના વાત્રક જળાશયના કોન્ટ્રાક્ટર દ્વારા ઈજારો મળ્યા પહેલા એક કરોડની મચ્છી કાઢી લીધી હોવાના આક્ષેપ સાથે આ ડેમનો કોન્ટ્રાક્ટ અગાઉ મફતના ભાવે ૫ થી ૭ લાખ રૂપિયામાં જતો હતો. આ ઉપરાંત આજુબાજુના કિનારાના ગામોના લોકો ગેર-કાયદેસર માછીમારી કરી જલ્સા ગેરકાયદેસર માછલી પકડનાર ૪૦૦ પરિવારો વચ્ચે બાયડના ધારાસભ્ય આવેદનપત્ર લઈને કુદી પડ્યા છે.

જેના લીધે મામલો ગરમાયો



બાયડના ધારાસભ્ય દ્વારા જિલ્લાના તમામ જળાશયોમાં તપાસ કરવાની માગ સાથે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. પણ જે અરજી કરવામાં આવી છે તેમાં ગેર-કાયદેસરની બદલે ઘેર-કાયદેસર શબ્દનો પ્રયોગ કરવામાં આવતા ધારાસભ્યના જ્ઞાન બાબતે રમૂજ ફેલાઈ છે.

અરવલ્લી જિલ્લામાં મોટા ડેમ પૈકી એક એવા વાત્રક જળાશયનો કોન્ટ્રાક્ટ અંદાજે ૮૦ લાખ રૂપિયામાં હસમુખ પટેલ નામના કોન્ટ્રાક્ટરને આપવામાં આવ્યો છે. કરતા હતા. તેના બદલે સરકારને ચાલુ સાલે ૭૦ લાખ રૂપિયાનો નફો વધ્યો છે. છતાં આ વિસ્તારમાં આજ કોન્ટ્રાક્ટર દ્વારા ઈજારો આપતાં પહેલાં ૧ કરોડ રૂપિયાની માછલી કાઢીને વેચી મારી હોવાના આક્ષેપ સાથેનું આવેદનપત્ર બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ કલેકટરને આપતાં આશ્ચર્ય ફેલાયું છે. તેમનો આક્ષેપ છે કે કોન્ટ્રાક્ટરે માછલી કાઢતાં આદિવાસી (નાયક)ના ૪૦૦ પરિવારને નુકશાન ગયું છે. આમ એકબાજુ ૮૦ લાખનો ઈજારો લેનાર કોન્ટ્રાક્ટર તથા છે. નવાઈની વાત તો એ છે કે બાયના ધારાસભ્યએ લેખિત આવેદનપત્ર આપ્યું છે. તેઓ ઘેર-કાયદેસર શબ્દ વાપર્યો છે. જે વાસ્તવમાં ગેર-કાયદેસર હોવો જોઈએ આમ બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાના 'ગુજરાતી' ના જ્ઞાન બાબતે રમૂજ ફેલાઈ છે. જયારે આવડો મોટો ધારાસભ્ય એક ઑફિશિયલ કોન્ટ્રાક્ટર સામે જંગે ચડ્યો હોય ત્યારે આવેદનપત્રના શબ્દોનું વજન પડવું જોઈએ, નહિં તો આવી અરજી અધિકારીઓ કચરામાં નાખી દે તો નવાઈ નહિં.

# આડાખોખરામાં બાઈક પરથી પડી જતા એકનું મોત

હિંમતનગર, તા. ૨૯

વિજયનગર તાલુકાના આડાખોખરા ગામે ગુરુવારે વણધોલ ગામના બાઈક સવારે બાઈકને ગફલતભરી રીતે હંકારી બાઈક પાછળ બેઠેલ એક ઈસમને નીચે પાડી જેતા તેનું ગંભીર ઈજાને કારણે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જે અંગેની ફરિયાદ વિજયનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે વણધોલના કાથોડી ફળીયામાં રહેતા ધર્માભાઈ વાલજી કાથોડીએ નોંધાયેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ ગુરુવારે આડાખોખરા સ્ટેશન પરથી પસાર થઈ રહેલ બાઈક નં. જીજે.૦૯.સીકે. ૬૮૬૨ના ચાલકે ગફલતભરી રીતે બાઈક ચલાવી તેમની પાછળ બેઠેલ નાથુભાઈને જમીન પર પાડી દીધા હતા. જેથી તેમને ગંભીર ઈજા થતા સારવાર માટે ખસેડાયા હતા. જયાં તેમનું મોત નિપજ્યું હતું. જે અંગેની ફરિયાદ વિજયનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.



અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે અરવલ્લી જિલ્લા કોર્ટમાં લૉ લાયબ્રેરીના મુખ્ય ધાતા સ્વ. ચંદુભાઈ કે. યોગીના પુત્રો યોગી ધર્મેન્દ્રભાઈ સી. તથા યોગી જશવંતકુમાર સી. દ્વારા ઈ. લાઈબ્રેરીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં અરવલ્લી જિલ્લા પ્રમુખ હિરાભાઈ પટેલ મોડાસા બાર એસોસીએશનના પ્રમુખ કોઠારી ભરતભાઈ અન્ય ચુંટાયેલા હોદ્દેદારો તથા તમામ સિનિયર વકીલો તમામ તાલુકાના બાર પ્રમુખો નવા વર્ણાયેલા હોદ્દેદારો હાજર રહ્યા હતા.

## પ્રાંતિજ પોલીસને મુંબઈના પરિવારના સલામ...

# મુંબઈના પરિવારનો મોબાઈલ ત્રીજી આંખની મદદથી માત્ર બે કલાકમાં પરત સોંપ્યો

પ્રાંતિજ, તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે અમેરિકા અને મુંબઈ નો પરિવાર પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેશન વિસ્તારમાં એક નાસ્તાની દુકાનમાં નાસ્તો કર્યા બાદ ટેબલ ઉપર મોબાઈલ ભુલી ગયા હતાં અને આગળ નિકળી ગયા બાદ મોબાઈલ યાદ આવતાં નાસ્તાની દુકાન ઉપર પરત આવતા મોબાઈલના મળતાં પરિવાર દ્વારા પ્રાંતિજ પોલિસ નો સહારો લીધો હતો.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ ખાતે અમેરિકા અને મુંબઈ નો પરિવાર પોતાની ગાડીમાં મિત્ર ના ધરે આવ્યાં હતાં અને ત્યાર બાદ તેવો પ્રાંતિજ નજીક સુપ્રસિદ્ધ ગળતેશ્વર મહાદેવ મંદિર ખાતે દર્શન કરવા ગયાં હતાં અને પરત જઈ રહ્યાં હતાં તે સમયે પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેન્ડ ખાતે આવેલ એક નાસ્તાની દુકાનમાં નાસ્તો કરવા ગયાં હતાં અને બન્ને પરિવાર નાસ્તો કરી નિકળી ગયાં હતાં.

જેમાં મુંબઈના પરિવારની દિકરીનો મોબાઈલ નાસ્તાના ટેબલ ઉપર રહી ગયો હતો અને પ્રાંતિજ થી એક કિલોમીટર સુધી ગયાને યાદ આવતાં પરિવાર ગાડી લઈને પરત આવતાં નાસ્તાની દુકાન માં ટેબલ ઉપર મોબાઈલના મળતાં દુકાન માલિક ને પુછપરછ કરતાં તેવોએ કર્યુ કે મને તો ખબર નથી અને મારા ત્યા તો કેટલાંય ગ્રાહકો આવે છે કોન લઈ ગયું મને ખબર નથી પણ જો તમારે મોધો મોબાઈલ હોયને કેસ કરવો હોય તો પોલિસ ચોકી અહીં પાસે આવેલ છે તેમ ત્યાં જઈને કેસ કરો ત્યારે પોલિસ ને રજુઆત કરતાં પોલિસ તાત્કાલિક નાસ્તાની દુકાન ઉપર આવી દુકાન માલિક ની પુછપરછ બાદ સીસીટીવી ફુટેજની મદદથી માત્ર બે કલાકમાં જ મોબાઈલ ચોરને મોબાઈલ સાથે પકડી પાડયો હતો અને મોબાઈલ પરિવાર ને પરત કર્યો હતો તો પરિવારે પણ પ્રાંતિજ પોલિસની કામગીરીને બિરદાવી પ્રાંતિજ પોલિસનો આભાર માન્યો હતો અને સાથે રહેલ અમેરિકાના પરિવારે અને મુંબઈના પરિવારે પ્રાંતિજ પોલિસની ઝડપી કામગીરીને આભાર સાથે સલામ કરી બિરદાવી હતી.

**પરિવારે પ્રાંતિજ પોલીસની કામગીરીને બિરદાવી : અમેરિકા અને મુંબઈનું પરિવાર પ્રાંતિજ સંબંધી અને ગળતેશ્વર મહાદેવના દર્શન કરવા આવ્યું હતું**

જોકે મોબાઈલ મળી જતાં પરિવાર દ્વારા કેસ પરતો મુક્યો હતો અને પ્રાંતિજ પોલિસની તાત્કાલિક અને ઝડપી કામગીરીથી ખુશ થઈ ને પરત ફર્યો હતો.

# દૂધ ઉત્પાદકોને પોષણક્ષમ ભાવો આપવામાં બનાસ ડેરી મોખરે

પાલનપુર, તા.૨૯

સમગ્ર વિશ્વ જયારે આર્થિક મંદીમાં સપડાયેલ છે ત્યારે દૂધ ઉદ્યોગ પર બાકાત રહ્યો નથી. છેલ્લા કેટલાક સમયથી આંતરરાષ્ટ્રીય સ્તરે પશુપાલન વ્યવસાય આર્થિક મંદિમાંથી પસાર થઈ રહ્યો છે અને દૂધના ભાવ દિન પ્રતિનિધિ ઘટતા જાય છે. આવા સંજોગોમાં બનાસડેરી ખેડૂતોની સેવામાં હજુ પણ મોખરે છે. વિશ્વ સ્તરે અને દેશ સ્તરે ખેડૂતો અને પશુપાલકોને દૂધના ભાવ જાળવી રાખવામાં ગુજરાત અને તેમાં પણ બનાસડેરી અડીખમ રીતે ખેડૂતોના પડખે છે.

વિશ્વસ્તરે દૂધના ભાવ એક કિલો ફેટે ૪૪૦ છે. જયારે દેશના અન્ય રાજયોમાં જેમ કે ઉત્તરપ્રદેશમાં દૂધના ભાવ ૫૨૫, મહારાષ્ટ્રમાં ૪૮૦ આપણે આપણા પડોશી રાજય રાજસ્થાનમાં ૫૫૦ ભાવ અપાય છે. તેથી પણ વધુ રાજસ્થાનમાં દૂધનો પુરવઠો વધતાં રોજ એક ટાઈમ દૂધ લેવાનું સહકારી ક્ષેત્રોમાં બંધ કરેલ છે. તેની સરખામણીએ બનાસડેરીનું રોજનું ૬૫ લાખથી વધુ દૂધ આપી રહ્યું છે. તેમ છતાં આપણે એટલે કે બનાસડેરીએ કયારે દૂધ લેવાનું બંધ કરેલ નથી તે ખેડૂતોનું સૌભાગ્ય છે. આજે બનાસડેરી દ્વારા એક કિલો ફેટે ૬૮૦ રૂા. નો ભાવ અપાઈ રહ્યો છે જે વિશ્વમાં સૌથી વધુ દૂધના ભાવ ખેડૂતોને અપાય છે.

દૂધના ભાવમાં આ પ્રકારનો ઘટાડો અને દૂધના ઉત્પાદનમાં વિક્રમજનક વધારો નોંધાતા દૂધની બનાવટોમાં સૌથી વધુ એસ.એમ. પી. પાવડરને અસર થઈ છે. દેશમાં અનેક રાજયોમાં દૂધના પાવડરનો જથ્થો વધી પડતા તેના ભાવમાં પણ ધરખમ ઘટાડો થયો છે. વિશ્વ સ્તરે એસ.એમ.પી. પાવડરના છેલ્લા ઓકશનમાં રૂા. ૧૦૭.૧૦ પૈસા નોંધાયેલ છે. ઉલ્લેખનીય છે કે બનાસડેરી દ્વારા એસ.એમ.પી. પાઉડર ઉત્પાદન પડતર કિંમત રૂા. ૨૬૦ પ્રતિ કિલોએ થવા પામી છે.

# દેશી બનાવટની પિસ્ટલ પકડી પાડતી પાલનપુર એલ.સી.બી.

બનાસકાંઠા પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગુજર સાહેબે જિલ્લામાં ગુનાહીત પ્રવૃતી નેસ્ત નાબૂદ કરવા તથા કુખ્યાત ગુનાખોરોને અંકુશમાં રાખવા કડક અમલવારી કરવા સૂચના કરતા શ્રી





જે.એચ.સિંધવ, પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી તથા તથા એચ.કે.સોલંકી તથા ટીમના ગણપતલાલ, ડાહયાભાઈ, બીલાલભાઈ, ભરતભાઈ, પ્રકાશભાઈ, ધેગાજી, દીલીપસિંહ, હરેશદાન ની ટીમેં થરાદ પો.સ્ટે. વિસ્તારમાં કોમ્બિંગ નાઈટ રાઉન્ડમા હતા દરમ્યાન વજેગઢ પાટીયા જોડે એક ઈસમ શંકાસ્પદ જણાતા તેને સરકારી ગાડી ની પાસે બોલાવી નામ ઠામ પૂછતા તેનુ નામ ગોવિંદભાઈ મોહનભાઈ ચૌહાણ રહે.વજેગઢ તા.થરાદ વાળો હોવનુ અને તેની પંચોની હાજરીમા અંગજડતી તપાસ કરતા તેના જાત કબજામાંથી એક દેશી બનાવટની પિસ્તોલ મળી આવતા જે કિ.રુ.૫૦,૦૦૦/- ની તપાસ અર્થે કબજે લઈ થરાદ પો.સ્ટે. ધી આર્મ એકટ કલમ.૨૫(૧ બી) (એ) હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# કેન્દ્ર સરકારના માર્ગ અને પરિવહન વિભાગ દ્વારા અરવલ્લી જિલ્લામાં ૮૬ કરોડના ખર્ચે માર્ગ વિસ્તૃતિકરણ

## પ્રમુખ રણવીરસિંહ ડાભીની રજુઆતોથી શામળાજીથી ટોરડા સ્વામિનારાયણ ધામનો રોડ મંજુર

મોડાસા,તા.૨૯

અરવલ્લી જિલ્લામાં ૮૬ કરોડના ખર્ચે માર્ગ વિસ્તૃતિકરણ માટે ૬૦ કિમિ.ના બે માર્ગોને મંજૂરી અપવામાં આવતા જિલ્લાવાસીઓમાં હર્ષની લાગણી પ્રસરી ગઈ છે.જેમાં ભગવાન કાળિયો ઠાકર દેવગદાધર શ્રી વિષ્ણુ ભગવાનના યાત્રાધામ શામલાજીથી પૂજ્ય ગોપાલાનંદ સ્વામીની તપોભૂમિ ભગવાન સ્વામિનારાયણ ધામ ટોરડા તીર્થભૂમિને જોડતા રોડનો પણ જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ સમાવેશ કરાયો છે.જેનાથી બે તીર્થભૂમિને જોડતો મજબૂત રોડ બનશે.

કેન્દ્ર સરકારના માર્ગ અને પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા દેશના વિભિન્ન વિસ્તારોમાં ૩૭ માર્ગો અને એક રેલવે પુલ બનાવવા જે રૂ.૭૮૦.૦૭ કરોડની જે માતબર રકમ મંજુર કરવામાં આવી છે તેમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે ભિલોડા વિસ્તારમાં સંઘના પ્રચારક તરીકે કામ કરતા અને અનેકવાર અહીં આવવાનું અને રોકાવાનું થયું હોય ત્યારે શામળાજી અને ટોરડા સ્વામિનારાયણ ધામથી ખૂબ જ નજીકથી પરિચિત હોઈ તેમણે આ વિસ્તારના વિકાસ માટે અને શામલાજીથી ટોરડાના ૧૮.૨૦ કિમીના રસ્તાના મજબૂતી કરણ અને વિસ્તૃતિકરણ માટે રૂ.૭.૯૯ કરોડની માતબર રકમ મજુર કરી હોવાનું આ રોડ માટે રજૂઆતો કરનાર અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ટોરડાને જોડતો આ રોડ ટાકાટુંકા, ટોરડા,બુઢેલી, પાલ્લા-ધંધાસણ થઈને ટોરડા જાય છે જેને માટે પ્રમુખ રણવીરસિંહ દ્વારા કરાયેલ રજૂઆતો આખરે ફળી છે. રાજ્યમાં ભાજપની સરકાર બનતાં જ કેન્દ્ર સરકારે અનેક રસ્તા કરોડોના ખર્ચે મજુર કરી ગુજરાતને ભેટ ધરી છે જેમાં અરવલ્લીના બે રોડનો સમાવેશ થાય છે.

બીજો રોડ ઉભરાણ, હેલોદર, રંભોડા નો છે.૨૦.૪૦ કિમીનો આ રોડનું રૂ.૪૦ કરોડના માતબર ખર્ચે મજબૂતીકરણ અને વિસ્તૃતિકરણ થશે તેમ પણ રણવીરસિંહ ડાભીએ જણાવ્યું હતું.જ્યારે જિલ્લામાં ત્રીજો દહેગામ બાયડનો ૨૧.૬૦ કિમિ નો માર્ગ રૂ.૩૦ કરોડના ખર્ચે મજુર કરાતા જિલ્લામાં ત્રણ માર્ગો માટે થઈ રૂ.૮૬ કરોડની માતબર રકમ મજુર થતા જિલ્લાવાસીઓમાં આનંદ અને ખુશીની લાગણી પ્રસરી છે.







## શામળાજી પાસેથી વિદેશી દારૂ ઝડપાયો

શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ પાસે આવેલા અણસોલ ગામની સીમમાંથી ગુરુવારે રાત્રીના આઠ વાગ્યાના સુમારે રાજસ્થાન તરફથી આવતી ઈટીયોસ કાર (ગાડી. નં - GJ 03 BV 1557) ને અટકાવી તલાશી લેતા કારમાંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટ ભારતીય બનાવટની વિદેશી દારૂની છૂટી બોટલો અને બીયરના ટીન નંગ-૧૦૭ જેની કિંમત રૂ.૪૬૩૦૦/- કારની કિંમત રૂ.૨૦૦૦૦૦/- તથા મોબાઈલ નંગ-૧ કીં.રૂ.૧૦૦૦/- મળી કુલ રૂપિયા.૨૪૭૩૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કાર ચાલક જયદીપ અશોકભાઈ સબાપરા (રહે, નિકોલ-અમદાવાદ) ની ધરપકડ કરી અન્ય એક અજાણ્યા મદદગીરી કરનાર શખ્શ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# ધનસુરા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળ દ્વારા પેન્શન ડેની ઉજવણી

ધનસુરા, તા.૨૯

ધનસુરા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળ દ્વારા પેન્શન ડેની ઊજવણી અને જનરલ સભા ચૌધરી સમાજ વાડી ખાતે ગુજરાત રાજયના પ્રમુખ મણીભાઈ સુથારના અધ્યક્ષ સ્થાને રાખેલ સમારંબનું ઉદ્ઘાટન ટેન્શન મુક્ત જીવન પુસ્તકના લેખક મનહભાઈ પટેલે દીપ પ્રગટાવી કર્યું હતું.

કાર્યક્રમની શરુઆતમાં પ્રમુખ હસમુખભાઈ પટેલે ઉપસ્થિત સૌ મહાનભાવોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. ગર્લ્સ સ્કૂલની બાળાઓએ સ્વાગત ગીત હજૂ કર્યું હતું. ઉદ્ઘાટક મનહકભાઈ પટેલે ધાર્મિક વ્યકવ્ય એક કલાક સુધી આપ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત રાજય પેન્શન મંડળના પ્રમુખ મણીભાઈ પટેલે ઉપસ્થિત નિવૃત્ત કર્મચારીઓ સમક્ષ વિવિધ પ્રશ્નોની છણાવટ કરી હતી. અરવલ્લી જિલ્લા પ્રમુખ ગિરીશ સોનીએ પણ પ્રશ્નો અંગે માહિતી આપી હતી. કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા તમામ તાલુકાના પ્રમુખ, મંત્રીઓ સાથે સાબરકાંઠા જિલ્લાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન પદે ટ્રસ્ટી મોતીભાઈ પટેલ સાબર ડેરીના વાઈસ ચેરમેન કાન્તિભાઈ પટેલ સાથે ધનસુરા ગ્રામપંચાયતના સરપંચ યશવંતભાઈ પટેલે ભોજનદાતા નિવૃત્ત એરફોર્સ અધિકારી પરિમલભાઈ પટેલ સાથે વિસ્તૃત સંખ્યામાં તાલુકા પેન્શન મંડળના હોદ્દેદારો, સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન મંડળના મંત્રી ગોવિંદભાઈ પટેલે કર્યું હતું.